# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય
# ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**<u>અખબારી યાદી</u>** તા. ૪–૨–૨૦૧૦

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી દ્વારા ગરીબ કલ્યાણ મેળામાં માત્ર નાટક અને તાયફાઓ થાય છે. આ કાર્યક્રમ સંપૂર્ણપણે સરકારની તિજોરી ઉપર ખર્ચ પાડીને કરવામાં આવે છે. સરકારી સમારંભોમાં ચૂંટાયેલા ધારાસભ્યશ્રીઓ અને સંસદસભ્યશ્રીઓને સ્ટેજ તથા માઈક આપવુ જોઈએ. જરુરી પ્રોટોકોલ જાળવવા માટે ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના પરિપત્રો હોવાછતાં કોઈપણ કારણ વગર કોંગ્રેસના  ધારાસભ્યશ્રીઓ તથા સંસદસભ્યશ્રીઓને સરકારી સમારંભોમાં જતા અટકાવીને ધરપકડ કરવામાં આવે છે. તે કોઈપણ રીતે યોગ્ય નથી. સરકાર તરફથી આમંત્રણકાર્ડ આપીને ધારાસભ્યશ્રીઓ તથા સંસદસભ્યશ્રી ઓને બોલાવાય પછી તેઓ જયારે સરકારી સમારંભોમાં જતા હોય ત્યારે તેમની ધરપકડ કરવામાં આવે છે. આજે સંતરામપુરના ધારાસભ્યશ્રી પરંજયાદિત્યસિંહ પરમાર તથા સંસદસભ્ય ડો.પ્રભાબેન તાવિયાડની ધરપકડ કરવામાં આવેલ છે. તે નીંદનીય છે. ગરીબ કલ્યાણ મેળના નામે માત્ર જુઠાણા અને રાજકીય ભાષણો થાય છે. બાપના પૈસે લહેર કરનારા ભા.જ.પના આગેવાનો બી.પી.એલ.કાર્ડ મેળવી લે છે અને સાચા ગરીબોને બી.પી.એલ.કાર્ડ મળતા નથી. સરકારી યોજનાઓનો લાભ ગરીબ માણસના ઘર સુધી પહોંચાડવો જોઈએ. તેના બદલે કરોડોની યોજનાઓના પૈસા સમારંભોમાં વેડફીને મોટો ભ્રષ્ટાચાર પણ ગરીબ કલ્યાણ મેળાના નામે થઈ રહયો છે.

ધારાસભ્યશ્રીઓ અને સંસદસભ્યશ્રીઓ સાથે થયેલા દુર્વ્યવહાર માટે રાજયપાલશ્રીને કોંગ્રેસ પક્ષ તરફથી ફરિયાદ કરવામાં આવશે. મોટા ખેડૂતોને જમીન ઉપર લોન લેવા માટે કોંગ્રેસની સહકારી બેન્કો દવારા કિસાન ક્રેડીટ કાર્ડ વર્ષોથી અપાયેલા છે અને તેના પર લાખો રુપિયાની લોન મોટા ખેડૂતો માર્ચ મહિનામાં લેતા હોય છે અને વર્ષના અંતે ખેતી વિષયક લોન પરત ભરતા હોય છે. ખેડૂતોને આ અપાયેલ આ કિસાન ક્રેડીટ કાર્ડની અને લોનની રકમ પણ ગરીબ કલ્યાણ મેળાના ફાયદામાં આંકડામાં દર્શાવી દેવામાં આવે છે. ગરીબ કલ્યાણ મેળામાં એકપણ રુપિયાની નવી યોજના નથી. કોંગ્રેસની અપાયેલી ઈન્દિરા આવાસ યોજના અને મોટા ભાગની કેન્દ્રીય યોજનાઓ કે જે વર્ષોથી ચાલતી આવે છે અને ગરીબોના ઘેર કોઈપણ જાતના આડંબર વગર પહોંચાડવામાં આવતી હતી તેના માટે હવે સામાન્ય લોકોને આ રકમ લેવા રુબરુ બોલાવી દુઃખી કરવાનું કામ ગરીબ કલ્યાણ મેળાના નામે થઈ રહયું છે.

---

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન.વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે.જે.રસાણીઆ)**
અંગત મદદનીશ